RTO અને ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલ

સોમા તળાવથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ગેરકાયદે શટલનું રાજ

૧૫૦થી વધુ ખાનગી ગાડીઓની બેરોકટોક દોડ,ઓવરલોડમાં મુસાફરોનો જીવ જોખમમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવું હોય તો સરકારે ટ્રેન અને બસની સરસ વ્યવસ્થા કરી છે. છતાં સોમા તળાવ ચાર રસ્તા અને કપુરાઈ ચોકડી પરથી રોજ ગેરકાયદે શટલ સર્વિસ ધમધમે છે. નિયમો નેવે મૂકીને દોડતી આ ગાડીઓમાં મુસાફરોનો જીવ જ દાવ પર લાગ્યો છે, પણ તંત્રને જાણે કંઈ દેખાતું જ નથી.

વડોદરાના સોમા તળાવ અને કપુરાઈ ચોકડીથી સ્ટેચ્યુ અને આસપાસના



પ્રવાસન સ્થળો તરફ હાલ 150થી વધુ ખાનગી વાહનો શટલ તરીકે દોડી રહ્યા છે. આ વાહનોને કોઈ પરમિટ નથી, કોઈ રૂટની મંજૂરી નથી, છતાં ખુલ્લેઆમ મુસાફરો ભરીને હાઈવે પર દોડે છે. ચર્ચા એવી છે કે આ શટલમાં પ્રતિ ગાડી 1200 રૂપિયા સુધીની વસૂલાત થાય છે. આ પૈસા કોણ લે છે? કોની મિલીભગતથી આ ધંધો ચાલે છે? આ સવાલનો જવાબ આજ સુધી કોઈ આપતું નથી. આ ગાડીઓમાં ક્ષમતા કરતા વધુ મુસાફરોને ઠાંસીને બેસાડવામાં આવે છે. અગાઉ પણ આવા ઓવરલોડ વાહનોના કારણે વડોદરા-સ્ટેચ્યુ રૂટ પર ગંભીર અકસ્માતો થયા છે અને નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. છતાં પાઠ ભણાયો નથી. જ્યારે ફરિયાદ વધે ત્યારે તંત્ર 2-4 ગાડીઓ ડિટેઈન કરીને ફોટો પડાવી લે છે. બે દિવસ પછી બધું જેમ હતું તેમ જ ચાલુ થઈ જાય છે. આરટીઓ હોય, ટ્રાફિક પોલીસ હોય કે બીજા વિભાગો, 150 ગાડીઓ દિવસ-રાત દોડે છે એ તેમને ખબર નથી? કે ખબર હોવા છતાં આંખ આડા કાન કરે છે? આ જ સૌથી મોટો સવાલ છે. એક તરફ સરકાર પ્રવાસન માટે કરોડો ખર્ચીને સુવિધાઓ બનાવે છે, તો બીજી તરફ આ ગેરકાયદે વસૂલાત અને જીવલેણ મુસાફરી ચાલુ છે.

ડભોઈ પંથકમાં બે અલગ-અલગ અકસ્માતમાં બે રાહદારીઓનાં મોત

અજાણ્યા વાહનની ટક્કરે યુપીના ૫૧ વર્ષીય આધેડે જીવ ગુમાવ્યો, પણસોલી પાસે કારની અડફેટે 55 વર્ષીય આધેડ નું પ્રાણ પંખેરૂ ઉડી ગયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ડભોઈ પંથકમાં પૂરઝડપે દોડતાં વાહનો રાહદારીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યાં છે. ડભોઈ-તિલકવાડા રોડ પર વડજ વસાહત નજીક અજાણ્યા વાહનની ટક્કરે ઉત્તર પ્રદેશના 51 વર્ષીય આધેડનું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી ઘટનામાં પણસોલી વસાહતના બસ સ્ટેન્ડ નજીક હ્યુન્ડાઇ કારચાલકે પાછળથી ટક્કર મારતાં 55 વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત થયું હતું. બંને બનાવોમાં પોલીસે વાહનચાલકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉત્તર પ્રદેશના ચિત્રકૂટના વતની ગોવિંદપ્રસાદ રઘુરાજ પટેલ (ઉં.વ.51) સીતપુર ગામની સીમમાં આવેલી કોરપેપર ટેક એલએલપી કંપનીના ક્વાર્ટર્સમાં રહેતા હતા. ગત 13 નવેમ્બરે સવારે વડજ વસાહત તરફ જતા માર્ગે તેઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવેલા અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. માથા સહિત શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના સાળા ચંચલ પટેલે ફરિયાદ નોંધાવી હતી. બીજા બનાવમાં ગત 12 નવેમ્બરે સાંજે પણસોલી બસ સ્ટેન્ડ નજીક રાયસીંગભાઈ નરજુભાઈ રાઠવા (ઉં.વ.55)ને ડભોઈથી બોડેલી તરફ જતી હ્યુન્ડાઇ આઈ-10 કારના ચાલકે પાછળથી ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓના પગલે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના પુત્ર ખુમાનસિંહે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કુલ ૫૦૦ KVની યોજના માટે સરકાર પાસે યુનિવર્સીટી ૩ કરોડની સહાય મંગાશે

પર્યાવરણ બચાવવા MSUનું મોટું પગલું, ૨૦૨૭ના નેક માટે અત્યારથી તૈયારી

પ્રથમ તબક્કામાં હોસ્ટેલની છત પર પહેલા 143 KVની સોલાર પેનલ લગાવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી હવે માત્ર ભણતર માટે જ નહીં, પણ પર્યાવરણ માટે પણ ઓળખાશે. આગામી નેક રેટિંગમાં આગળ નીકળવા માટે યુનિવર્સિટીએ હવે ગ્રીન કેમ્પસનું મોટું સપનું જોયું છે. કેમ્પસના એક પછી એક બિલ્ડિંગોની છત પર સોલાર પેનલો લગાવીને વીજળી જાતે બનાવવાની યોજના તૈયાર થઈ ગઈ છે.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં આ કામ નવું નથી.



અત્યારે જ ટેકનોલોજી ફેકલ્ટી, હંસા મહેતા લાઈબ્રેરી, ચં.ચી. મહેતા ઓડિટોરિયમ, યુનિટ બિલ્ડિંગ, હેડ ઓફિસ, મેનેજમેન્ટ ફેકલ્ટી અને એજ્યુકેશન સાયકોલોજી ફેકલ્ટીની છત પર 1 હજાર કેવી ક્ષમતાની પેનલો વીજળી બનાવી રહી છે. હવે સત્તાધીશોને લાગ્યું છે કે, આટલું પૂરતું નથી. નેકના નવા માપદંડોમાં ગ્રીન અને ક્લીન કેમ્પસને ખૂબ મહત્વ અપાય છે. એટલે હવે વધુ 500 કેવી ક્ષમતાની પેનલો લગાવવાનું નક્કી કરાયું છે. આ યોજનાની શરૂઆત હોસ્ટેલથી થશે. હોસ્ટેલના બિલ્ડિંગો પર પહેલા તબક્કામાં 143 કેવીની પેનલો લગાવાશે. તેના માટે અંદાજે 80 લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ ઉપરાંત બીજા કેટલાક બિલ્ડિંગોનો પણ સર્વે કરી લેવાયો છે, જ્યાં આગળ જતા પેનલો મૂકાશે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ કુલ અંદાજે 3 કરોડ રૂપિયા ખર્ચ થાય તેમ છે.

ગુજરાતમાં ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની ઉપસ્થિતિમાં આધ્યાત્મિક મહોત્સવ

વાસદમાં ૨૫૨૬ વાનગીઓનો અન્નકૂટ, ૪000થી વધુ લોકોએ ગ્રામ ગૌરવ સંમેલનમાં ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14



આર્ટ ઓફ લિવિંગના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની ગુજરાત મુલાકાત દરમિયાન આધ્યાત્મિકતા, ભક્તિ, જ્ઞાન અને સેવા પ્રવૃત્તિઓનો ભવ્ય સમન્વય જોવા મળી રહ્યો છે. 6થી 13 નવેમ્બર દરમિયાન વાસદ, જેતપુર, અમદાવાદ અને પાટણ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વાસદ સ્થિત ગુજરાત આશ્રમમાં દિવાળીના અવસરે અષ્ટલક્ષ્મી હોમ, રુદ્ર પૂજા અને ગણપતિ હોમ યોજાયાં હતાં. નૂતન વર્ષ નિમિત્તે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવમાં 2526 પ્રકારની શાકાહારી વાનગીઓ ધરાવવામાં આવી હતી. ગુરુદેવે જ્ઞાન, ભક્તિ અને આનંદના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

આ ઉપરાંત ગ્રામ વિકાસ, શિક્ષણ અને યુવા સશક્તિકરણના હેતુથી યોજાયેલા ગ્રામ ગૌરવ સંમેલનમાં 4000થી વધુ લોકોએ ભાગ લીધો હતો. 11 નવેમ્બરે મીડિયા સાથેના સંવાદમાં ગુરુદેવે જણાવ્યું હતું કે વિશ્વમાં યુદ્ધો અને કુદરતી આફતો વચ્ચે ભારત તેની સંસ્કૃતિ, પરંપરાગત મૂલ્યો અને સહઅસ્તિત્વની ભાવનાને કારણે સારી સ્થિતિમાં છે. યુવાનોને સંદેશ આપતાં તેમણે આક્રમકતા અને હતાશાથી દૂર રહી ધ્યાન, યોગ અને સેવાકાર્યો સાથે જોડાવા અપીલ કરી હતી.

અટલ બ્રિજ અપ્રોચ રોડ પર વધુ એક અકસ્માત, બલેનો ડિવાઈડર પર ચઢી

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરાના પંડ્યા બ્રિજથી અટલ બ્રિજ તરફ જતા મુખ્ય માર્ગ પર વધુ એક અકસ્માત સર્જાયો હતો. વળાંક લેતી વખતે રસ્તાની વચ્ચે આવેલો ડિવાઈડર નજરે ન પડતાં બલેનો કાર સીધી તેની સાથે અથડાઈ ડિવાઈડર પર ચઢી ગઈ હતી. ટક્કરથી કારનો આગળનો ભાગ અને ટાયરને નુકસાન થયું હતું. જોકે, સદનસીબે ચાલકનો આબાદ બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી. અકસાતને પગલે માર્ગ પર કાર ફસાઈ જતાં થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. બાદમાં ટોઈંગ વાહનની મદદથી કારને હટાવી રસ્તો ખુલ્લો કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પર અગાઉ પણ અનેક નાના-મોટા અકસ્માતો બની ચૂક્યા છે. સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા મુજબ વળાંક પર ડિવાઈડર સ્પષ્ટ દેખાય તેવી વ્યવસ્થા, સાઈનબોર્ડ અને રેડિયમ રિફ્લેક્ટર્સનો અભાવ અકસ્માતનું જોખમ વધારે છે. આ માર્ગ જાણે અકસ્માત ઝોન બન્યો હોવા છતાં તંત્ર દ્વારા સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવાય તેવી માગ ઊઠી છે.

MICUમાં સારવાર દરમિયાન શનિવારે અંતિમ શ્વાસ લીધા

અજાણી દવા પી જનાર તિલકવાડાના ૩૯ વર્ષીય યુવાનનું સયાજી હોસ્પિટલમાં મોત

મંગળવારે બપોરે ઘરે અજાણી દવા પીધા બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના લીલગઢ ગામે રહેતા ૩૯ વર્ષીય યુવાને અજાણી દવા ગટગટાવી લેતા સર્જાયેલી ગંભીર સ્થિતિમાં તેમને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલના મેડિસિન વિભાગમાં ચાલતી સઘન સારવાર દરમિયાન શનિવારના રોજ તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત મંગળવાર ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૪:૦૦ વાગ્યાની આસપાસ રાયસિંગભાઈ રામાભાઈ તડવી એ પોતાના ઘરે અજાણી દવા પી લીધી હતી. અચાનક તબિયત લથડતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક ધોરણે તેમને સ્થાનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર તિલકવાડા ખાતે પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

તિલકવાડા CHC ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ તબીબોએ તેમની સ્થિતિ ગંભીર હોવાનું જણાવી વધુ સારવાર માટે વડોદરા ખસેડવાની સલાહ આપી હતી. જેથી તે જ દિવસે રાત્રે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. વડોદરા સયાજી હોસ્પિટલ પહોંચાડ્યા બાદ તબીબોની ટીમ દ્વારા તેમને તાત્કાલિક MICUમાં દાખલ કરી સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી.

ધનીયાવીના યુવાનને સાપ કરડ્યો, સયાજી હોસ્પિટલમાં સારવારથી બચાવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ધનીયાવી ગામે રહેતા ૩૯ વર્ષીય જલાઉદ્દીન મકબુલ પટેલને જમણા હાથમાં સાપે ડંખ મારતાં સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનોએ સમયસૂચકતા દાખવી તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડતાં તબીબોએ સારવાર શરૂ કરી હતી. ઈમરજન્સી વિભાગમાં જરૂરી સારવાર સાથે એન્ટી સ્નેક વેનમ આપવામાં આવ્યું હતું. સયાજી હોસ્પિટલના તબીબોની સઘન સારવાર અને દેખરેખના કારણે દર્દીનો આબાદ બચાવ થયો છે. હોસ્પિટલના જણાવ્યા મુજબ હાલ જલાઉદ્દીન પટેલ સંપૂર્ણ ભાનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓ તબીબો સાથે વાતચીત પણ કરી રહ્યા છે. સાવચેતીના ભાગરૂપે તેમને વધુ સમય નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. સાપ કરડવાના કિસ્સામાં દેશી ઉપચારમાં સમય બગાડ્યા વિના તાત્કાલિક હોસ્પિટલ પહોંચવું જરૂરી છે.

છાણીના ઈન્ફીનિયમ ફ્લેટ્સમાં વાનરનો આતંક, મહિલાને બચકા ભર્યા; વન વિભાગે પકડ્યો

શુક્રવારે બનેલી ભયાનક ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

શહેરના છાણી જકાતનાકા વિસ્તારમાં આવેલા ટીપી-૧૩ વિસ્તારના ઈન્ફીનિયમ ફ્લેટ્સમાં વાનરે આતંક મચાવતા સ્થાનિક રહીશોમાં ગભરાટ અને રોષ ફેલાયો હતો. ફ્લેટમાં રહેતી એક મહિલા પર અચાનક ઉગ્ર બનેલા વાનરે હુમલો કરી તેને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી દીધી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે પાંજરું ગોઠવીને આક્રમક વાનરને સફળતાપૂર્વક પાંજરે પૂરી દેવામાં આવ્યો છે.

છાણી ટીપી-૧૩ વિસ્તારમાં આવેલા ઈન્ફીનિયમ ફ્લેટ્સના રહીશો છેલ્લા કેટલાક સમયથી અવારનવાર વાનરોના વધતા ઉપદ્રવથી ભારે ત્રસ્ત હતા. દરમિયાન, ગત શુક્રવારે ૧૩ નવેમ્બર



એક ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલો કપિરાજ અચાનક ફ્લેટના પરિસરમાં આવી પહોંચ્યો હતો. જ્યારે એક મહિલા પોતાના ઘરની નીચે હાજર હતી, ત્યારે આ કપિરાજે અચાનક તેના ઉપર હુમલો કરી દીધો હતો.

વાનર એટલો રૌદ્ર સ્વરૂપમાં હતો કે તેણે મહિલાને બચવાનો કોઈ જ મોકો આપ્યા વગર ઉપરા-છાપરી બચકા ભરવાના શરૂ કરી દીધા હતા. અચાનક થયેલા આ હુમલાથી ગભરાઈ ગયેલી મહિલાએ ચીસાચીસ કરી મૂકી હતી, જેના કારણે આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે ભારે વાયરલ થયા હતા.

વાઘબારસથી લાભ પાંચમ સુધી યાત્રિકોની ભારે ભીડ, ભકતોએ માતાજીના આશીર્વાદ મેળવ્યા

દિવાળીના નવ દિવસમાં પાવાગઢમાં ૧૭ લાખથી વધુ માઈભક્તોએ કર્યા મા કાલિકાના દર્શન

લાભ પાંચમ સુધી યાત્રાધામમાં ભક્તોનો ભારે ધસારો, મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્રના સુમેળભર્યા આયોજનથી દિવાળી પર્વ શાંતિપૂર્ણ રીતે સંપન્ન



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ ખાતે દિવાળીના તહેવારો આ વર્ષે ભારે ધામધૂમ, શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યા હતા. દિવાળીના પર્વ દરમિયાન મા કાલિકાના દર્શન માટે ગુજરાત સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો પાવાગઢ ખાતે ઉમટી પડ્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા સૌનું કલ્યાણ, સૌનો વિકાસ અને સૌની સહભાગિતાના મંત્ર સાથે યાત્રિકોની સુવિધા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને વિવિધ આયોજન કરવામાં આવ્યાં હતાં. વાઘબારસથી શરૂ થયેલા દિવાળીના પર્વથી લઈને લાભ પાંચમના દિવસે સાંજે 5 વાગ્યા સુધીના નવ દિવસ દરમિયાન આશરે 17 લાખથી વધુ યાત્રિકોએ મા કાલિકાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દિવાળીના તહેવારો દરમિયાન યાત્રિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા પરસ્પર સંકલન અને સુમેળ સાથે વ્યવસ્થાઓનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે સમગ્ર પર્વ દરમિયાન યાત્રિકોને દર્શન સહિતની સુવિધાઓ મળી રહે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પાવાગઢ ખાતે દિવાળીના નવ દિવસ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી નવા વર્ષના મંગલમય પ્રારંભ સાથે આશીર્વાદ મેળવ્યા હતા.

જબુગામના નવાબજારમાં ભવ્ય છાકલીલા મનોરથ યોજાયો

૨૩ શ્રી ચિત્રજી, ૪ લાલનજી અને ગિરિરાજ બાવાશ્રીનાં અલૌકિક દર્શન કરી વૈષ્ણવો ભાવવિભોર બન્યા

(પ્રતિનિધિ) બોડેલી , તા.14

જબુગામ ખાતે ભાઈબીજના પવિત્ર પર્વ નિમિત્તે ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના માહોલમાં ભવ્ય છાકલીલા મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. તૃતીય ગૃહાધીશ કાંકરોલી નરેશ પ.પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ડો. વાગીશકુમાર મહારાજશ્રીનાં પાવન આશીર્વાદ અને આજ્ઞા અનુસાર જબુગામના નવાબજારમાં આ ધાર્મિક મનોરથ યોજાયો હતો. આ મનોરથમાં વૈષ્ણવોના ઘરે બિરાજતા શ્રી ઠાકોરજીના સુખાર્થે વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૩ શ્રી ચિત્રજી, ૦૪ લાલનજી તથા એક ગિરિરાજ બાવાશ્રી બિરાજમાન થયાં હતાં. એક જ સ્થળે આટલી મોટી સંખ્યામાં શ્રી ઠાકોરજીનાં વિવિધ



દિવ્ય સ્વરૂપોનાં દર્શનનો લાભ મળતાં વૈષ્ણવ સમાજમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી હતી.

આ પ્રસંગે શ્રી ઠાકોરજીને સુંદર અને આકર્ષક શણગાર કરવામાં આવ્યા હતા. ભક્તિભાવથી શોભતા દિવ્ય સ્વરૂપો અને સમગ્ર ધાર્મિક વાતાવરણને કારણે ઉપસ્થિત વૈષ્ણવો ભાવવિભોર બની ગયા હતા દર્શનાર્થે આવેલા ભક્તોએ શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જબુગામ સહિત આસપાસના ગામો અને વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ તથા બહેનો આ મનોરથમાં સહભાગી બન્યા હતા. નાના બાળકોથી લઈને વડીલો સુધી સૌએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી શ્રી ઠાકોરજીનાં અલૌકિક દર્શનનો લાભ લીધો હતો.

છોટાઉદેપુર જિલ્લા ભાજપમાં બે સંયોજકોની નિમણૂક

(પ્રતિનિધિ) સંખેડા, તા.14

છોટાઉદેપુર જિલ્લા ભાજપ દ્વારા સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા ડોક્ટર સેલ તથા એનજીઓ વિભાગના જિલ્લા સંયોજકોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં ડો. તુષારભાઈ જે. ઉપાધ્યાયને ડોક્ટર સેલના જિલ્લા સંયોજક અને ભાવિનભાઈ દિનેશભાઈ પટેલને એનજીઓ વિભાગના જિલ્લા સંયોજક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. બંને નવનિયુક્ત સંયોજકો તબીબી ક્ષેત્રના લોકો અને સામાજિક સંસ્થાઓ સાથે સંકલન સાધી સંગઠનને ગ્રામ્ય સ્તર સુધી મજબૂત બનાવવા તેમજ જનસેવાના કાર્યોને વેગ આપવા કામગીરી કરશે. ડો. તુષારભાઈ ઉપાધ્યાય તબીબી ક્ષેત્રે સક્રિય છે, જ્યારે ભાવિનભાઈ પટેલ સંખેડા વિસ્તારમાં સામાજિક અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. નિમણૂકને પગલે જિલ્લા ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને શુભેચ્છકોએ બંનેને અભિનંદન પાઠવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

માંડવીના રાધાવલ્લભ મંદિરે અન્નકૂટ મહોત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન

સરકારી ગ્રાન્ટથી ચાર વર્ષ અગાઉ જર્જરિત મંદિરનો જીર્ણોદ્ધાર કરી નવું મંદિર બનાવાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરના માંડવી-ચાંપાનેર રોડ પર આવેલા પ્રાચીન રાધાવલ્લભ મંદિરે આજે અન્નકૂટ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સાંજે 5થી રાત્રે 8 વાગ્યા દરમિયાન યોજાયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ભગવાન રાધાવલ્લભજીનાં દર્શન કર્યા હતા. ભગવાનને વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આશરે ચાર વર્ષ અગાઉ આ મંદિરનું જૂનું બાંધકામ અત્યંત જર્જરિત થઈ ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું હતું. મંદિરની ધાર્મિક અને ઐતિહાસિક મહત્તાને ધ્યાનમાં રાખીને મંદિરના પૂજારી ઉમાકાંત ભટ્ટ અને સામાજિક કાર્યકર કીર્તિભાઈ પરીખ દ્વારા મંદિરના પુનઃનિર્માણ માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા



હતા. આ અંગે વડોદરાના કલેક્ટર તેમજ ગુજરાત સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડ સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતો અને સતત અનુસરણના પરિણામે ગુજરાત સરકારની ગ્રાન્ટમાંથી સમગ્ર મંદિરનું નવેસરથી નિર્માણ કરવામાં આવ્યું હતું. આમ, જર્જરિત હાલતમાં પહોંચેલું પ્રાચીન રાધાવલ્લભ મંદિર આજે નવા સ્વરૂપમાં ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. અન્નકૂટ મહોત્સવ દ્વારા મંદિરની ધાર્મિક પરંપરા અને ભક્તિભાવને પણ ઉજાગર કરવામાં આવ્યા હતા.

શિનોરમાં નવા વર્ષની ઉમંગભેર ઉજવણી, મંદિરોમાં અન્નકૂટનાં દર્શન

ગામેગામ સમૂહ ભોજન અને ફટાકડાની આતશબાજીથી દિવાળીનો માહોલ જામ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.14

શિનોર પંથકમાં નવા વર્ષની શરૂઆત ભારે ઉમંગ, ઉત્સાહ અને પરંપરાગત રીતે કરવામાં આવી હતી. દિવાળીના અંતિમ દિવસોમાં બજારોમાં ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી. જ્યારે ગામેગામ સમૂહ ભોજન, ફટાકડાની આતશબાજી અને મંદિરોમાં અન્નકૂટનાં દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

શિનોર ખેતીપ્રધાન તાલુકો હોવાથી સારા વરસાદના પરિણામે પાકની આવક થતાં દિવાળીના દિવસોમાં બજારોમાં સારી ઘરાકી જોવા મળી હતી. બહારગામ વસતા ગ્રામજનો પણ દિવાળી મનાવવા માદરે વતન પરત ફરતાં ગામના મહોલ્લાઓમાં રોનક વધી હતી. દિવાળીની રાત્રે



વર્ષો જૂની પરંપરા મુજબ હાથમાં મશાલ લઈને બાળકો અને યુવાનોએ દિવેલ પૂરાના નાદ સાથે ઉજવણી કરી હતી. ઘરના આંગણે વિવિધ આકર્ષક રંગોળીઓમાં માતાજીનાં ચિત્રો પણ દોરવામાં આવ્યાં હતાં.

ગામના અલગ-અલગ મહોલ્લાઓમાં સમૂહ ભોજનનું આયોજન કરાયું હતું. દિવાળીની રાત્રે સૌએ સાથે મળીને ફટાકડા ફોડી આનંદ માણ્યો હતો. નવા વર્ષના દિવસે નાના બાળકોએ હાથમાં મીઠું લઈને 'સબરસ'ની બૂમો પાડતાં ઘરે ઘરે જઈ શુભેચ્છાઓ પાઠવી હતી.

જબુગામ દશાલાડ સમાજના રાસોત્સવમાં ગરબાની રમઝટ, નાના-મોટા સૌ ઝૂમ્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા.14


જબુગામ દશાલાડ સમાજ, વડોદરા દ્વારા દિવાળી મહોત્સવ અંતર્ગત ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકોથી લઈને વડીલો સુધીના સૌએ પરંપરાગત પોશાકમાં ગરબે ઘૂમી ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાસોત્સવમાં ૧થી ૧૫, ૧૬થી ૨૫, ૨૬થી ૫૦ અને ૫૧ વર્ષથી ઉપરના વયજૂથ મુજબ ગરબા સ્પર્ધા યોજાઈ હતી. દરેક વિભાગના પ્રથમ ત્રણ વિજેતાઓને સ્વ. મહેશકુમાર ચંદુલાલ બક્ષી પરિવાર તથા સ્વ. વિનોદચંદ્ર અંબાલાલ શાહ પરિવાર તરફથી ઈનામ આપી સન્માનિત કરાયા હતા. જ્યારે ૧૫ વર્ષ સુધીનાં બાળકોને સ્વ. હરેશકુમાર એમ. શાહ તરફથી ભેટ આપવામાં આવી હતી. માં ભવાની કલાવૃંદના વિષ્ણુભાઈ તળપદા અને તેમની સંગીત ટીમે ગરબા તથા ટીમલીની રમઝટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમ સમાજની એકતા, સંસ્કૃતિ અને પરંપરાના જતનનો અવસર બન્યો હતો. આયોજકોએ દાતાઓ, કલાકારો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાવલી નગરપાલિકાના રૂ.૪૦.૫૫ લાખના ટેન્ડરમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

વિપક્ષના નેતાએ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને પત્ર લખી તપાસ માગી, પાલિકાએ આક્ષેપો ફગાવ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા.14

સાવલી નગરપાલિકા દ્વારા વિકાસકામો માટે બહાર પાડવામાં આવેલા રૂ.40.55 લાખના ટેન્ડરને લઈને વિવાદ સર્જાયો છે. ટેન્ડરમાં સ્ટ્રીટલાઇટના પોલ, મંદિરના શેડ અને રસ્તા સહિતનાં કામોનો સમાવેશ થતાં નગરપાલિકાના વિપક્ષના નેતા અલબખ્શ આશિક હુસૈન શેખે ભ્રષ્ટાચાર અને સરકારી નાણાંની ગેરરીતિના ગંભીર આક્ષેપો કર્યા છે. આ મામલે તેમણે મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસની માગ કરી છે.



વિપક્ષના નેતાના આક્ષેપ મુજબ, નગરના કેટલાક ધાર્મિક સ્થળોએ દાતાઓ દ્વારા અગાઉથી જ લોકફાળાથી શેડ બનાવવામાં આવ્યા છે. તેમ છતાં આ જ કામોના નામે નગરપાલિકાએ ટેન્ડર બહાર પાડ્યું છે. આ ઉપરાંત સ્ટ્રીટલાઇટની કામગીરી પણ અગાઉથી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે. અગાઉથી પૂર્ણ થયેલી કામગીરીના નામે લાખો રૂપિયાના બિલો રજૂ કરીને સરકારી નાણાં ઉપાડવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

અલબખ્શ શેખે મુખ્યમંત્રી, તકેદારી આયોગ, પ્રાદેશિક કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓને પત્ર લખી ટેન્ડરના દસ્તાવેજો, સ્થળ પરની વાસ્તવિક કામગીરી, બિલો અને ચુકવણીની તપાસ કરવાની માગ કરી છે. ગેરરીતિ સાબિત થાય તો જવાબદારો સામે કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરી છે.

બીજી તરફ પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભદ્રેશ પાઠકે આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પાલિકાએ જે કામો કરવાનાં બાકી છે તેનાં જ ટેન્ડર બહાર પાડ્યાં છે. કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોમાં કોઈ તથ્ય નથી અને ટેન્ડરમાં સમાવાયેલાં કામો પાલિકા દ્વારા પૂર્ણ કરવામાં આવશે. હાલ આ મામલે તપાસની માગને પગલે નગરમાં ચર્ચા જાગી છે.

વેચાણ અંગેની જાહેર નોટીશ

ગુજરાત રાજ્ય વડોદરા ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા કરજણના મોજે ગામ વલણ માં આવેલ (૧) જુનો બ્લોક નંબર ૧૬૭૪/૧ જેનો રી સર્વે પછી નવો બ્લોક નંબર ૨૩૮૫ જે જુની શરત (જુ.શ) ખેતીલાયક ઉપયોગ વાળી જમીન જેનો ખાતા નંબર ૧૯૮ જે જમીનનો ક્ષેત્રફળ હે.આરે. ૦-૫૭-૫૧ ચો.મી વાળી જમીન ના લાગતા વળગતા તમામ હકક સહીતની જમીન. તથા (૨) જુનો બ્લોક નંબર ૧૬૭૫/૧ જેનો રી સર્વે પછી નવો બ્લોક નંબર ૨૩૮૭ જે જુની શરત (જુ.શ) ખેતીલાયક ઉપયોગ વાળી જમીન જેનો ખાતા નંબર ૧૯૯ જે જમીનનો ક્ષેત્રફળ હે.આરે. ૦-૯૩-૧૧ ચો.મી વાળી જમીન ના લાગતા વળગતા તમામ હકક સહીતની જમીન. જે જમીન માં બ્લોક નંબર ૨૩૮૫ **ગુલામ હાફેજી અહમદ,** તથા બ્લોક નંબર ૨૩૮૭ માં (૧) ફાતેમા અહમદ શેઠ (૨) જુબેદા અહમદ શેઠ (૩) એમણબેન અહમદ શેઠ (૪) ગુલામ અહમદ શેઠ (૫) હુસેન અહમદ શેઠ (૬) ઈમ્તિયાજ અહમદ શેઠ (૭) સાબેરા હસન શેઠ (૮) રીજવાન હસન શેઠ (૯) આસીફ હસન શેઠ (૧૦) મોહસીન હસન શેઠ (૧૧) ઝહીર હસન શેઠ (૧૨) ઇમરાન હસન શેઠ (૧૩) મરીયમ ઈબ્રાહીમ શેઠ (૧૪) રાબીયા ઈબ્રાહીમ શેઠ (૧૫) ઈનાયત ઈબ્રાહીમ શેઠ (૧૬) શેહનાજ ઈબ્રાહીમ શેઠ (૧૭) સીરીન ઈબ્રાહીમ શેઠ (૧૮) સલીમ ઈબ્રાહીમ શેઠ ના સંયુક્ત નામે ચાલે છે. જે જમીન અમારા અસીલ ને ચોખ્ખા ટાઇટલ કલીયર હોવાનુ જણાવી વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીન અમારા અસીલ વેચાણથી લેવા માંગે છે. જેથી સદર જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હીસ્સો, લાગ-ભાગ હિતસંબંધ કે અધિકાર હોઇ કે કોઇનો ભરણપોષણ કે આજીવન ખેડવાનો કે ઇઝમેન્ટનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં હમોને જાણ કરવી, જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે, સદરહુ જમીનમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તર-તકરાર કે દાવો ચાલશે નહીં, જેની નોંધ લેવી.

અમારી મારફત - તાહીર સીરાજ મીરઝા તે ખરીદનારના એડવોકેટ
ફીરદોશ શોપીંગ સેન્ટર,કીમ ચારરસ્તા - મો. ૯૫-૧૨૧૮-૧૨૧૮